# ગુરુદેવની અનંતની યાત્રા

મને બરોબર યાદ છે જુલાઈ ૧૯૯૩ના છેલ્લા દિવસો. ગુરુદેવના સાનડિઆગોના યજ્ઞ દરમ્યાન તેમની તબિયત બગડી અને વિશ્વભરમાં તેમના દીર્ઘાયુષ્યની પ્રાર્થનાઓ થવા લાગી. પરમધામમાં બ્ર૦ વામદેવજીના સાંનિધ્યમાં મૃત્યુન્જયના જપ થતા. ચોથી ઓગષ્ટે સવારે શ્રીમતી પૂર્ણિમાબેન પરમધામ આવ્યા અને તેમણે ગુરુદેવના સમાચાર આપ્યા કે ગુરુદેવ ચિન્મયાનંદજી ત્રીજી ઓગષ્ટે બ્રહ્મમુહર્તમાં બ્રહ્મલીન થયા છે. આશ્રમમાં સમાચાર મળતા પરમશાંતિ પ્રસરી ગઈ, કોઈને કાંઈ ખબર જ ન પડે. આશ્રમમાં બધા ભક્તો આવવા લાગ્યા. સહુએ સાથે હિંમત કરીને સંપૂર્ણ ગીતાપાઠ કર્યો, થોડા સ્વસ્થ થયા.


પાંચમી ઓગષ્ટે પરમધામથી સિદ્ધબાડી જવા સંઘમાં હું, પૂર્ણિમાબેન, શાંતાઅમ્મા, ગાયત્રી, ભાર્ગવ, જગત અને અશોકભાઈ નીકળ્યા. અમદાવાદ - વડોદરા - પઠાનકોટ થઈ અમે વગર રીઝર્વેશન ટ્રેનમાં સિદ્ધબાડી છઠ્ઠીની મોડી સાંજે પહોંચ્યા. સિદ્ધબાડીમાં કોણ હશે કે શી વ્યવસ્થા હશે તેમ વિચારતા હતા, ત્યાં મુ.હર્ષદકાકા દોડતા આવ્યા. કહે તમે થાકી ગયા હશો, તમે ગુરુદેવ પાસે આવી ગયા છો, જમવાનું રાખી મૂક્યું છે, ચાલો પહેલાં જમી લ્યો. સિદ્ધબાડીમાં બધા એકદમ સ્વસ્થ અને જેની જે જવાબદારી હોય તે પૂરી કરવા ખડે પગે દોડતા મેં જોયા. સાતમીએ સવારમાં જોયું તો આશ્રમમાં જાણે ભગવાન પધારવાના હોય તેવી દોડમ દોડ. રામ પધારે ને શબરી કુટીર શણગારે તેમ આશ્રમમાં આસોપાલવના તોરણ બંધાયા, નાની રંગોળી પુરાય અને આશ્રમના બધા અંતેવાસીઓ સતત પ્રવૃત્ત !

સાતમી ઓગષ્ટે ગુરુદેવનો પાર્થિવદેહ લંડનથી દિલ્હી લાવવામાં આવ્યો. હંમેશા સમયના પાબંદ ગુરુદેવનું વિમાન અડધો કલાક વહેલું આવી ગયું. ત્યાંથી તેમને શણગારેલી ટ્રકમાં લોદી રોડ, ચિન્મય મિશન લઈ જવાયા.

બપોરે સવા વાગે તેમના દર્શન માટે આશ્રમના દ્વાર ખૂલ્યા અને ભક્તોનો અવિરત પ્રવાહ ચાલ્યો. રાજકારણીઓ, સંતો, મહંતો, મઠાધીશો, હજારો લોકો ઉમટ્યા તે સાંજે સાત વાગે દર્શન બંધ થયા ત્યાં સુધી ચાલુ રહ્યો. ગુરુદેવ પદ્મસાધનામાં પદ્માસને બીરાજ્યા હોય તેવા લાગતા હતા.



Scanned by CamScanner




ગુરુદેવની કાસ્કેડ નવી એરકંડીશન આર્મડા જીપમાં રાત્રે દસ વાગે, વીસ ગાડીઓ અને દસ મોટી બસો સાથે સિદ્ધબાડી જવા નીકળી. ગુરુદેવ કહેતા કે, હું હનુમાનની જેમ આવું છું એટલે મારું પૂછડું મોટું છે. રાત્રે ચંદીગઢમાં ભક્તોએ યાત્રાનું સ્વાગત કરીને શીખ પ્રાર્થનાઓ કરી. આગળ ગુરુદેવ અને પાછળ સવારી બપોરે એક વાગે કાંગડા ખીણમાં પહોંચી. આશ્રમમાં સવારથી આજુબાજુ રહેતા અને સીધા આવનારા ઘણા લોકો પહોંચી ગયા હતા. સહુ ગુરુદેવના આગમનની રાહ જોતા હતા (ત્યારે મોબાઈલ ન હતા). હું પણ આશ્રમથી કિલોમીટર દૂર જઈને ઉભો રહ્યો.આકાશમાંથી સતત આછો આછો વરસાદ ચાલુ જ હતો. આશ્રમ જવાના રસ્તાની બંને બાજુ કેટલાય પરિવારો નાના બાળકો સાથે ઉભા રહી ગયા હતા. કોઈના હાથમાં હિમાલયના સુંદર ફૂલ હતા, વાતાવરણમાં દિવ્યતા હતી. ગુરુદેવની સવારી આવી તો સાથે જ મેઘ ઘઘડીને પડ્યો અને સહુ ભીંજાઈ ગયા. નાની છોકરીઓ તો ગુરુદેવની જીપ છોડે જ નહીં. નવાઈ લાગે પણ વરસતા વરસાદે જીપની બોનેટ પકડીને કેટલાય પરીવારોને નાના બાળકોને તેડીને મેં દોડતા જોયા. એક વૃદ્ધ માં તો જાણે પોતાના પુત્રને ઝુલાવતા હોય તેમ હાથ અડાડીને આશ્રમ સુધી દોડ્યા. આપણને માન્યામાં ન આવે કે આવા પહાડી પ્રદેશમાં આટલા બધા લોકો રહેતા હશે. ગુરુદેવનો કેવો પ્રેમ કે જે તેમને પહાડોમાં ચાલતા ચાલતા આટલે દૂર લાવ્યો હશે !



Scanned by CamScanner

કાસ્કેડનું સિદ્ધબાડીના દ્વારે અનહદ પ્રેમભક્તિથી પૂર્ણકુંભથી સ્વાગત થયું. ગુરુદેવને કમલાહોલમાં ખાસ બનાવેલી ખુરશીમાં બેસાડીને ૐ નમઃ શિવાયના નાદ સાથે દર્શન, આરતી સાથે શરૂ થયા. હિમાલયના કેટલાય સંતો, ભક્તો, લશ્કરી અમલદારો, વિશ્વભરના સાધકો રાત્રે આઠ વાગ્યાની આરતી સુધી દર્શન માટે આવતા રહ્યા.

નવમી ઓગષ્ટે સવારે પાંચ વાગે ગુરુદેવની કુટીરની પાછળના ગુલાબના બગીચાની મધ્યે ભૂસમાધિ અપાઈ અને સાડા આઠે ગુરુદેવનું શરીર ભૂલીન થયું ત્યારે ધવલગીરી પર્વતોનું આકાશ કહેતું લાગ્યું :

चिन्मयं व्यापि यत्सर्वं त्रैलोक्यं सचराचरम् ॥

तत्पदं दर्शितं येन तस्मै श्री गुरवे नमः ॥

લગભગ ત્રણ કલાક શાસ્ત્રોક્ત પૂજા ચાલી. સ્વામી પુરુષોત્તમાનંદજી અને સ્વામી તેજોમયાનંદજીએ સતત પૂજા કરી અને તેમનું મુંડન કરવામાં આવ્યું. પછી સહુ સ્વસ્થ ચિત્તે કમલાહોલમાં ગોઠવાયા. હોલ આખો ખીચોખીચ ભરાયેલો અને ગુરુજી તેજોમયાનંદજી અને પુરુષોત્તમાનંદજી સ્ટેજ ઉપર ગોઠવાયા. સ્વામિની શારદાપ્રિયાનંદજી ભાવથી ગુરુજીને પ્રશ્ન કર્યો કે, "હવે ચિન્મય મિશનનું માર્ગદર્શન કોણ કરશે ?" પરમ વિનયથી તેજોમયાનંદજીએ કહ્યું કે, "હું તમને સાચવીશ. હું તો ગુરુદેવના ચરણે જ બેઠો છું."

આજે લાગે છે ને કે ગુરુદેવ આપણને ગુરુજીના છત્રછાયામાં ઉત્તરોત્તર આગળ વધવા સોંપ્યા છે.

ચિન્મય પ્રમા, મે ૨૦૧૬



Scanned by CamScanner